# ૨. જૈન દર્શન-તુલનાત્મક દૃષ્ટિએ

**यस्य निखिलाश्च दोषा न संति सर्वे गुणाश्च विद्यंते ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

**તત્ત્વાભિલાષી પ્રિય વાચકો !**

સંસ્કૃત વાઙ્મયની દૃષ્ટિએ તેમ જ જૈન પરિભાષાની દૃષ્ટિએ દર્શન " શબ્દ " દેખવું, સમ્યક્ત્વ, સામાન્ય ઉપયોગ વગેરે અનેક પરિભાષાના અર્થોમાં પ્રવર્તમાન છે; પરંતુ પ્રસ્તુત વિષયમાં મુખ્યત્વે કરીને જગતમાં જે છ દર્શનો (ધર્મો) પ્રવર્તમાન છે તે **ધર્મ** અર્થમાં ગણવામાં આવ્યો છે. ષડ્ દર્શનોમાંનું **જૈન** એક દર્શન છે. તેને બીજા દર્શનોના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો અને આચારોની સાથે સરખામણી પૂર્વક તપાસવા માટે પ્રસ્તુત વિષયને અંગે યથાશકિત પ્રયત્ન છે. બની શકે તેવી રીતે પક્ષપાતમય દૃષ્ટિને દૂર રાખી બીજા દર્શનો સાથેના સંબંધમાં જૈનદર્શન માટે તટસ્થ રીતે લખવામાં આવ્યું છે અને સત્ય વસ્તુસ્થિતિ જણાવવામાં આવી છે.

હિંદના પ્રચલિત ધર્મોની સમીક્ષા કરવામાં પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન દર્શનને જેટલો અન્યાય આપ્યો છે તેટલો ભાગ્યે જ કોઇ અન્ય દર્શનને આપ્યો હશે. જૈનદર્શન સંબંધે તેમણે જે જે કાંઇ લખ્યું છે તે પૈકીનો મોટો ભાગ વૈદિક ધર્મના ગ્રંથો ઉપર આધાર રાખીને લખાયેલો હોય તેમ જણાય છે. વૈદિક ગ્રંથકારોએ જૈનધર્મ સંબંધી બાંધેલા નિર્ણયો અશુદ્ધ બુદ્ધિથી તેમ જ અપૂર્ણ જ્ઞાનવડે બાંધેલા હોવાથી તેમણે બાંધેલા નિર્ણયો અને અભિપ્રાયો ઉપર આધાર રાખી પશ્ચિમના વિદ્વાનોએ જૈન દર્શનની સમીક્ષા કરેલ હોવાથી તેમાં જૈન દર્શનને અન્યાય મળે એ સ્વાભાવિક છે. **વેજબ્રીજ, મોન્સ્ટુઅર્ટ, હોપકિન્સ** અને **વેબર** આદિ યુરોપના સમર્થ વિદ્વાનોએ ઇતર દર્શનોએ બાંધેલા નિર્ણયોને સાંભળી એકતરફી અભિપ્રાય ઉચ્ચારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધો છે. વસ્તુસ્થિતિ આમ હોઈ પ્રો. **જેકોબી, મેકસમુલર** અને બીજા ગણ્યા ગાંઠ્યા વિદ્વાનોને બાદ કરતાં બાકીના તમામ પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન દર્શન સંબંધમાં અનેક હસવા લાયક કલ્પનાઓ કરી છે, અને અનેકના હાથમાંથી પસાર થતાં છેવટે વસ્તુદર્શન કેવા રૂપ ઉપર આવી જાય છે, તેનો એક વિચિત્ર નમુનો રજુ કર્યો છે. કેટલાકોએ જણાવ્યું છે કે જૈન ધર્મના દરેક અનુયાયીએ આપઘાત કરવો જ જોઇએ, એવું તેના પ્રવર્તકનું ફરમાન છે.

વળી બીજા વિદ્વાનોએ જૈન એ ઝીણા જંતુઓને ઉછેરવાનું સ્થાન છે, એમ અભિપ્રાય આપ્યો છે. આ રીતે અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ હાસ્યજનક ફેંસલા સંભળાવ્યા છે. કોઈ વિદ્વાનોએ જૈનને બૌદ્ધ ધર્મની એક શાખા તરીકે, તો કોઈએ નાસ્તિકવાદી તરીકે, તો કોઇએ વૈદિક ધર્મના અંકુર તરીકે ગણી કાઢેલો છે. કોઈ વિદ્વાનો તો કહે છે કે જૈનમાં તત્ત્વજ્ઞાન કશું જ નથી, માત્ર ક્રિયામાર્ગ છે. વળી એવા અભિપ્રાયોની સાથે પણ અથડામણી થાય છે કે જૈનમતની ઉત્પત્તિ **શંકરાચાર્ય**ની પછીની છે. **લાલા લજપતરાય** જેવા દેશ હિતૈષીએ પણ જૈન દર્શનનો ઐતિહાસિક વિભાગ તપાસ્યા વગર **ભારતવર્ષકા ઇતિહાસ**માં "જૈન લોગ યહ માનતે હય કિ જૈન ધર્મ કે મૂળ પ્રવર્તક શ્રી પાર્શ્વનાથ થે" વગેરે અજ્ઞાનતા મૂલક હકીકતો બહાર પાડેલી છે.

જૈન અને બૌદ્ધ ધર્મશાસ્ત્રોના કેટલાક પારિભાષિક શબ્દો અને કર્મકાંડની કેટલીક વિધિઓ સમાન હોવાથી જૈનને બૌદ્ધની શાખા હોવાનું અનુમાન ઉપરોક્ત વિદ્વાનોએ કર્યું હોય તેમ સંભવે છે. પરંતુ પ્રો. **જેકોબી** જેવા જૈનદર્શનના અભ્યાસીએ જૈનદર્શન સ્વતંત્ર ધર્મ છે તેવું અનેક પ્રમાણોથી સિદ્ધ કર્યું છે. પ્રો. **મેકસમુલરે** ઈ. સ. પૂર્વે ૪૭૭ વર્ષે બુદ્ધ નિર્વાણ કાળ જણાવેલો છે અને જૈનોના કલ્પસૂત્ર અનુસારે ઇ. સ. પૂર્વે ૫૨૭ વર્ષે જૈનોના ચરમ તીર્થંકર **શ્રી મહાવીર** પ્રભુ નિર્વાણ થયાનો કાળ મુકરર થએલો છે. આ સંબંધમાં જૈન અને બૌદ્ધ ધર્મ સંબંધમાં જે ભિન્નતાઓ રહેલી છે–તે સંક્ષિપ્તમાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સચ્ચોટ રીતે આત્માનંદ પ્રકાશના ચાલુ વર્ષના પુસ્તક( ૨૧ )માં મુનિશ્રી **જ્ઞાનવિજયજીએ** યથાર્થ સ્વરૂપમાં દર્શાવેલી છે.

આ રીતે **જૈનદર્શન** એક સ્વતંત્ર દર્શન હોઈ તેનું સાહિત્ય વિશાલ પ્રમાણમાં છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણ-કરણાનુયોગ એ ચાર વિભાગમાં જૈનદર્શનના શાસ્ત્રો વહેંચાયેલા છે. દ્રવ્યાનુયોગમાં જીવાત્મા અને કર્મ પ્રકૃતિનો સંબંધ, સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ, એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય પ્રાણીઓની પરિસ્થિતિ વગેરે એટલી બધી સૂક્ષ્મ હકીકતો છે, જે **સર્વજ્ઞ પ્રણીત દર્શન** તરીકેનો સુંદર ખ્યાલ આપે છે.

ગણિત સંબંધમાં ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ અને લોક પ્રકાશાદિ ગ્રંથો એવા અપૂર્વ છે કે સૂર્ય, ચંદ્ર અને તારા મંડળનું વિસ્તીર્ણ જ્ઞાન, અસંખ્ય દ્રીપ સમુદ્રો, નારકી અને સ્વર્ગલોકની પુષ્કળ હકીકતો, આર્યજનતા સમક્ષ **ગણિતાનુયોગ** રજુ કરે છે. આ ઉપરાંત **ધર્મ-કથાનુયોગ**માં મોટા મહાત્માઓના ચરિત્રોનું સાહિત્ય પણ તેટલું જ વિસ્તીર્ણ છે, અને **ચરણકરણાનુયોગ**માં ગૃહસ્થાશ્રમ અને સંન્યાસના આચાર–વિચારો પણ વિવિધ રીતે દર્શાવેલા છે. વારંવાર જૈનદર્શન માટે એવો આક્ષેપ મૂકવામાં આવે છે કે જૈનોની અહિંસાએ મનુષ્યોને નિર્વીર્ય કરી મૂક્યા છે. આ હકીકત એક અંશમાં પણ સત્ય નથી. પૂર્વકાળમાં જૈન રાજાઓ જેઓ ક્ષત્રિયો હતા તેઓ જૈનધર્મનું યથાર્થ પાલન કરતા હતા અને ક્ષત્રિય ધર્મનું પણ પાલન કરતા હતા. દરેક વર્ણાશ્રમનો મનુષ્ય જૈનધર્મનું પાલન કરતો હોવા છતાં પોતપોતાની ફરજો બજાવે જતો હતો–એમ જૈન ઇતિહાસ સારી રીતે સાક્ષી આપી રહ્યો છે. પરરાજ્ય-**ચક્રથી** રાજ્ય અને પ્રજા ઉભયનું સંરક્ષણ કરી સ્વધર્મને પણ જાળવી રાખ્યાના અનેક રાજાઓનાં દૃષ્ટાંતો મોજુદ છે. જૈનોના **તીર્થંકરો ક્ષત્રિય કુળમાં** જન્મ લે છે અને રાજ્યનું પાલન કરી છેવટે સંન્યાસ ગ્રહણ કરે છે. ખુદ સોળમા તીર્થંકર **શ્રી શાન્તિનાથ** પ્રભુ ચક્રવર્તી હોવાથી તેમને છ ખંડનો દિગ્વિજય કરવા માટે લાંબો વખત સુધી વિદેશમાં જવું પડ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન દર્શન તરફના આ આક્ષેપનો પરિહાર કરતાં અમારે કહેવું જોઈએ કે પ્રસ્તુત આક્ષેપ કરનારાઓનો જૈન ઐતિહાસિક અવલોકનનો પોતામાં અભાવ સૂચવે છે **જૈનદર્શન** એક એવા સમર્થ આત્મબળવાળું દર્શન છે કે જે મનુષ્યને નિર્માલ્ય ન બનાવતાં તેને સ્વાવલંબન ( Self-reliance ) નો મુખ્ય સિદ્ધાંત શીખવે છે અને એ સાથે જ ક્ષત્રિય વીરને છાજે તેવી ક્ષમા રાખવાનું પણ સૂચવે છે. નવયુગના ઉત્પાદક મહાત્મા **ગાંધીજી** પણ પોતે કબુલ કરે છે કે :—

"મારૂં જીવન ઉચ્ચ થયું હોય, શાંતિ અને ક્ષમાશીલ થયું હોય તો તે શ્રીમદ્ **રાજચંદ્ર** પાસેથી જાણેલા જૈન દર્શનનાં તત્ત્વોને આભારી છે. આ ક્ષમા નબળાઈની નથી, કિન્તુ આત્મબળમાંથી પ્રકટેલી છે." જૈન દર્શનનું સાહિત્ય એટલું બધું વિપુલ અને વિસ્તીર્ણ છે કે કેટલીક સંસ્થાઓ તરફથી અત્યાર સુધીમાં જે ગ્રંથ-સમૃદ્ધિ બહાર પાડવામાં આવી છે તે ઉપરથી તે કલ્પી શકાય છે. પાર્શ્વાભ્યુદય કાવ્ય, યશસ્તિલક ચમ્પુ વગેરે કાવ્ય ગ્રંથો; સમ્મતિ તર્ક, સ્યાદ્વાદ રત્નાકર, અનેકાંત જયપતાકા, પ્રમેય રત્નકોશ વગેરે ન્યાયગ્રંથો; યોગબિન્દુ, યોગદૃષ્ટિ-સમુચ્ચય વગેરે યોગ ગ્રંથો અને જ્ઞાનસાર, અધ્યાત્મસાર અને અધ્યાત્મ કલ્પદ્રુમ વગેરે આધ્યાત્મિક અનેક ગ્રંથ સમૃદ્ધિ મોજુદ છે. **પાતંજલ યોગદર્શન** ઉપર શ્રીમદ્ **યશોવિજયજી**ની ટીકા વગેરે–જૈન વિદ્વાનોની વ્યાપક દૃષ્ટિ સૂચવે છે

**આનંદગિરિકૃત શંકરદિગ્વિજય**માં જૈન દર્શનનાં તત્ત્વો અને માન્યતાના સંબંધમાં જૈનોને નાસ્તિક ઠરાવી અનેક ભૂલો કરવામાં આવી છે જેનો વિસ્તાર કરવો એ અત્ર અપ્રસ્તુત છે. ભાગવતના પાંચમા સ્કંધમાં **ઋષભદેવે** દિગંબર બની જૈનધર્મની સંસ્થાપના કરી એવો ઉલ્લેખ છે, તેના ઉદાહરણને જોઈ **અર્હત** નામના રાજાએ પાખંડ મતનો પ્રચાર કર્યો એમ જણાવ્યું છે. આ રીતે જો કે ભાગવત ઉપરથી જ સિદ્ધ થાય છે કે **ઋષભદેવ** જૈનધર્મના સંસ્થાપક હોવા જોઈએ; પરંતુ બીજી દૃષ્ટિએ તે તે ગ્રંથના પ્રણેતાઓએ કેટલી કેટલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંભીર ભૂલો કરી છે અને અનુયાયીવર્ગને કેટલો આડે રસ્તે દોર્યો છે, તે પણ ખુલ્લું થાય છે.

જૈન દર્શનના મુખ્ય ૪૫ શાસ્ત્રો છે, જે સિદ્ધાંત અથવા આગમના નામથી ઓળખાય છે. એ ૪૫ શાસ્ત્રોમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણ, ૬ છેદ, ૪ મૂળ સૂત્ર અને ૨ અવાંતર સૂત્રો. જૈનો મુખ્ય નવ તત્ત્વ માને છે.

(૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) બંધ (૭) સંવર (૮) નિર્જરા અને (૯) મોક્ષ. જેમાં ચૈતન્ય ગુણ હોય તે જીવ છે, શરીર વગેરે જડ પદાર્થોનો જેમાં સમાવેશ થાય તે અજીવ છે. શુભાશુભ કર્મનો આત્માનો ભોગવટો થવો તે પુણ્ય અને પાપ. શુભાશુભ કર્મદ્વાર તે આશ્રવ, આત્મામાં નવાં કર્મો ન આવવા દેવા તે સંવર, આત્માના પ્રદેશો સાથે કર્મનો સંબંધ થવો તે બંધ. થોડાં કર્મોનું આત્માથી જુદા પડવું તે નિર્જરા; અને સર્વાંશે કર્મથી રહિત થવું તે મોક્ષ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય–એ ષડ્ દ્રવ્યો જૈન દર્શન માને છે અને પરસ્પર–જીવ અને જડ વસ્તુને ઉપકારી કે અનુપકારી તરીકે સ્વીકારે છે. આ તમામ તત્ત્વો ઉપર શ્રદ્ધા રાખવી તે ( **तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं** ) **સમ્યગ્દર્શન,** એ તત્ત્વોનું સંશય–વિપર્યયરહિત જ્ઞાન તે **સમ્યગ્જ્ઞાન** અને તદનુસાર નિર્દોષ અને પવિત્ર આચરણ તે **સમ્યક્-ચારિત્ર.** આ આચરણમાં ગૃહસ્થને અપરાધી પંચેંદ્રિયજીવોની હિંસા અણછુટકે કરવાની છુટ હોય છે, ત્યારે સાધુને "અહિંસા પરમો ધર્મ:" સર્વાંશે પાળવાનો હોય છે. બ્રહ્મચર્યવ્રત મુનિએ સર્વાંશે પાળવું જોઇએ. તે જ પ્રકારે સત્ય, અચૌર્ય અને અપરિગ્રહ(લોભનો અભાવ)ના સંબંધમાં પણ સમજાવેલું છે.

## ઇશ્વર ઉપર સૃષ્ટિ રચવાનું કાર્ય જૈનદર્શન સોંપતું નથી.

બૌદ્ધોની માફક જૈનો પણ ઇશ્વરનું સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કર્તવ્ય સ્વીકારતા નથી. **સાંખ્ય દર્શન** પણ ઇશ્વરના સૃષ્ટિકર્તૃત્વવાદની ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાડે છે. આ ઉપરથી જૈનો ઈશ્વરત્વને માનતા જ નથી—એ સિદ્ધ કરવું કે એમ કહેવું તે ભ્રમમૂલક છે. લાલા **લજપતરાયે** પણ આવી જ એક ભૂલ "ભારત ધર્મકા ઇતિહાસ" નામના એક હિંદી પુસ્તકમાં કરેલ છે. દરેક આત્મા સદ્જ્ઞાન અને સદાચરણથી ઇશ્વરત્વ પ્રાપ્ત કરે છે, સ્વયં ઈશ્વર બને છે—એ માન્યતા જૈન દર્શન સ્વીકારે છે અને તેવા મુક્તાત્માને ઈશ્વર માની બાહ્ય તથા આંતર પૂજા—ભકિત કરે છે. જૈનોના **ચોવીશ તીર્થંકરો** પહેલાં આપણી જેવા સામાન્ય મનુષ્યો હતા. **બોધિસત્ત્વ** જેમ દશ **પારમિતાઓનો** પ્રથમના અનેક જન્મોમાં અહિંસા, સત્ય, પ્રજ્ઞા વગેરેનું ઉચ્ચ ઉચ્ચ કોટિએ પાલન કરતાં કરતાં આશ્ચર્યજનક રીતે અવતરી મહાપુરુષરૂપે જન્મ્યા તેમજ દ્વાદશાંગીના પ્રકટન દ્વારા "સવી જીવ કરૂં શાસનરસી"—એ ભાવના, આચારમાં—સ્થૂલ સ્વરૂપમાં મૂકવા માટે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્યાદિ ભાવનાઓ દ્વારા શ્રી **મહાવીર પ્રભુ**એ પ્રાણીઓનો ઉદ્ધાર કર્યો અને પોતે આત્મબળથી અને પુરૂષાર્થથી જ મુકતાત્મા બન્યા—મુક્તિ પામ્યા.

રા. રા. **કનૈયાલાલ માણેકલાલ મુનશી**એ પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ નામની નવલકથાઓમાં ફ્રેન્ચ નવલકથાકારોને અનુસારે કલ્પનાઓ ઉપજાવી, જૈન દર્શનના ઐતિહાસિક પાત્રો શ્રીમદ્ **હેમચંદ્રાચાર્ય** તથા **આમ્રભટ્ટ** વગેરેને જૈનદર્શનમાં નિવેદન કરેલા દ્રષ્ટિબિંદુથી જુદા જ સ્વરૂપે કલ્પી, મિશ્રિત કરવામાં જૈન સમાજની લાગણી દુખાવેલ છે. તો રા. રા. **મુનશી**એ તે તે પાત્રોનું સ્વરૂપમાત્ર કલ્પનાથી ઘડી કાઢેલું છે કે કોઈ પ્રાચીન ગ્રંથના અવતરણરૂપે છે તે તેમણે પ્રકાશમાં લાવી ઐતિહાસિક સત્ય હકીકત પુરવાર કરવી જોઇએ, અને જૈનોની દુભાયેલી લાગણીને શાંત પાડવી જોઇએ. કેમકે જૈનોના કોઈપણ સમર્થ આચાર્યને સ્વકલ્પના અનુસાર તેમના ધર્મશાસ્ત્રના ફરમાનથી વિરૂદ્ધ રાજખટપટી ચીતરવા એ કોઇ દર્શનની માન્યતા વચ્ચે સીધો હાથ નાંખવા જેવું અનુચિત છે. એ કહેવું પ્રસ્તુત સમયે અનુચિત નથી, કે આધુનિક ગૂજરાતના ઇતિહાસને મજબુત રીતે ટકાવનાર જૈન ગ્રંથો, જૈનાચાર્યો અને **કુમારપાળ** જેવા રાજાઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જૈનાચાર્યોએ** ગૂજરાતી ભાષામાં જૈન ગ્રંથોનો મોટો ફાળો ભવિષ્યની પ્રજાને આપેલો છે. સિદ્ધરાજ-કુમારપાળના વખતમાં થયેલા શ્રી **હેમચંદ્રાચાર્ય** મહારાજના અષ્ટાધ્યાયીમાં જુની ગુજરાતીની ગાથાઓ વિદ્યમાન છે. સં. ૧૩૫૦ માં થઈ ગયેલા વઢવાણના **શ્રી મેરુતુંગાચાર્યે** રચેલા પ્રબંધ ચિન્તામણિમાં તેમ જ વિક્રમ સંવતના ૧૪ મા શતકમાં **રત્નસિંહસૂરિ**ના એક શિષ્યે લખેલા **ઉપદેશમાળા** નામના ગ્રંથમાં આપેલી છીપાઓની ભાષા ઉપરથી પ્રાચીન ગુજરાતી ભાષાના ઉત્પાદક તરીકેનું ગૌરવ જૈનદર્શન ધરાવે છે. **પદ્મ પુરાણ**માં જૈનદર્શનનું પુરાતનપણું પુષ્ટ કરનારી એક એવી કથા છે કે એક વખત દેવ અને દાનવોનું યુદ્ધ ચાલી રહ્યું હતું; તેમાં અસુરોની જીત થવા લાગી, તે જોઈ દેવોના રાજા ઇંદ્રે અસુરોના ગુરુ શુક્રાચાર્યની તપશ્ચર્યા ભ્રષ્ટ કરવા તેની પાસે એક અપ્સરા મોકલી. તેને જોઈ શુક્રાચાર્ય મોહ પામ્યા. એ અવસર જોઇ દેવતાના ગુરુ બૃહસ્પતિએ શુક્રાચાર્યની મતિ વધારે ભ્રષ્ટ કરવા તેને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો. જો કે પૌરાણિક કથાકારોએ તો જૈન-દર્શન તરફ તિરસ્કાર બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે આ પ્રયાસ કર્યો હશે. પરંતુ તે ઉપરથી જૈન દર્શનની પ્રાચીનતા ઠીક પુરવાર થાય છે. **યજુર્વેદ**માં જૈનના દેવ સંબંધી અનેક સ્થળે ઉલ્લેખ છે, તે પૈકી થોડુંક અવતરણ આપવાની લાલચ રોકી શકાતી નથી. **યજુર્વેદ**ના ૨૫ મા અધ્યાયના ૧૯ મા મંત્રમાં લખ્યું છે કે—

**ॐ नमोऽर्हतो ऋषभो ॐ ऋषभं पवित्रं पुरुहूत मध्वरं यज्ञेषु नग्नं परमं माहसं स्तुतंपारं शत्रुंजयं ते पशुरिंद्रमाहुरिति स्वाहा ।**

વળી **ઋષભપ્રભુ** અને **અરિષ્ટનેમિ**ની સ્તુતિ પણ તે જ ગ્રંથમાં જોવામાં આવે છે. ઋગ્વેદ જે હિંદનો સૌથી પ્રાચીન ગ્રંથ ગણાય છે તેના વર્ગ ૧૬ અધ્યાય ૬ ના પ્રથમ અષ્ટકમાં જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી **અરિષ્ટનેમિનું** નામ દષ્ટિગોચર થાય છે.

પશુઓના યજ્ઞયાગાદિમાં જ્યારે આર્ય જનતા વિશેષ અનુરક્ત થઈ હતી, ત્યારે "અહિંસા પરમો ધર્મઃ"નો મુખ્ય ફેલાવો કરી લગભગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૪૫૦ વર્ષ પૂર્વે શ્રી **મહાવીરે** જૈનદર્શનનું પુનર્જીવન કર્યું અને આર્ય જનતાને દયાધર્મ શીખવ્યો. તેમની પહેલાં અનેક વર્ષોના અંતરે ૨૩ તીર્થંકરો અનુક્રમે થઈ ગયા હતા. સૌએ પોતપોતાના સમયમાં આર્ય જનતાને ઉચિત આત્મવાદ તરફ દૃષ્ટિ રાખી ક્રિયાકાંડોમાં ફેરફાર કર્યો હતો અને તત્ત્વજ્ઞાન અવિચ્છિન્ન રાખ્યું હતું. ૨૩ મા તીર્થંકર શ્રી **પાર્શ્વનાથ**ના વખતમાં ચાર મહાવ્રતો હતા. એટલે કે બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એક જ ગણાતા હતા. તે **મહાવીર પ્રભુ**એ ભવિષ્યકાળનું લોકસ્વરૂપ જાણીને જુદાં પાડ્યા હતા–આ રીતે જૈન દર્શન પોતે અનાદિ હોવાનો દાવો ધરાવે છે.

સૃષ્ટિના ઉત્પત્તિક્રમ ( Law of Creation )માં જૈન દર્શન એવી દલીલ રજુ કરે છે કે ઈશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું ? ક્યા ક્યા સાધનોવડે ઉત્પન્ન કરી ? ઇશ્વરને પણ ઉત્પન્ન કરનાર કોને કલ્પવો ? વળી સૃષ્ટિ ઉત્પન્ન કરવી અને પછીથી વિનાશ કરવો–એ બંને કાર્યોથી ઉત્પાદક અને ઉત્પન્નને લાભાલાભ શું ? વગેરે અનેક પ્રશ્નો ઉપસ્થિત થતાં અનવસ્થા દોષનો પ્રસંગ આવે છે. સૃષ્ટિકર્તા તરીકે ઈશ્વરને નહિ માનવા વડે પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રને વાસ્તવિક રીતે અમુક અપેક્ષાએ કોઈપણ કબુલ કરતું હોય તો તે **જૈન દર્શન** છે; કેમકે જેમ સમુદ્રના પાણીમાંથી વરાળ થઇને વાદળાં થાય છે તે જ વાદળાં ગળી જઈ પાછા સમુદ્રમાં પાણીરૂપે પડે છે. બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજ થયાં કરે છે, પરમાણુમાંથી વસ્તુઓ અને તે જ વસ્તુઓના વિનાશ એ પરમાણુ–એવી રીતે ઘટમાળ ચાલ્યાં કરે છે, ત્યાં ઇશ્વરને કર્તા તરીકે વચ્ચે મુકવાનું શું પ્રયોજન હશે ? તે કલ્પી શકાતું નથી. તેમ જ આત્માવડે કરાયલા શુભ કે અશુભ કર્મ આત્માએ કરેલાં સારાં કે નરસાં ભોજનની પેઠે સારું કે નરસું ફળ આપે છે, તેમાં બુદ્ધિપૂર્વક ઊંડી તપાસ કરતાં કર્તા તરીકે ઈશ્વરની જરૂર સંભવતી નથી.

**વૈશેષિક દર્શન** જ્યારે શબ્દને આકાશનો ગુણ માને છે ત્યારે જૈન દર્શન–**शब्दः पौद्गलिकः**–એ સૂત્ર પોતાના મૂળ સિદ્ધાંતોમાં સંગ્રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાલમાં ટેલીફોન અને વાયરલેસ ટેલીગ્રાફી વગેરેનું ઉત્પત્તિસ્થાન જોઇએ તો શબ્દથી છે અને શબ્દો પરમાણુઓ હોવાથી દૂર દૂર જઇ શકે છે, તેમ જ રેકર્ડ ઉપર કોતરાઈ જાય છે અને જુદી જુદી અસરો પ્રકટાવે છે. વાયોર્યોનિરાપ—એ જૈનાગમમાં હજારો વર્ષો થયાં રહેલી હકીકતને મળતી પાશ્ચાત્ય વિદ્વાનોએ Oxygen અને Hydrogen રૂપ બંને વાયુઓ વડે પાણીની ઉત્પત્તિ માનેલી છે. પુદ્‌ગલમાં અનંતી શક્તિઓ છે એ સ્થળે સ્થળે જૈન શાસ્ત્રમાં હકીકત છે તે પાશ્ચાત્ય શોધકોએ વરાળવડે અગ્નિરથો, વીજળીવડે તાર અને ટ્રામો દોડાવી પુરવાર કર્યું છે. ન્યૂટનની ગુરુત્વાકર્ષણ શક્તિ એ પણ જૈનોએ માનેલી ધર્માસ્તિકાયની શક્તિનો સુંદર ખ્યાલ આપે છે.

ભૂસ્તર વિદ્યા Geology હવે શીખવે છે કે સૃષ્ટિ અનાદિની હોવી જોઇએ; જે હકીકત જૈન દર્શને સહસ્ત્ર વર્ષો પહેલાં સમજાવી છે. વનસ્પતિના જીવોને માટે જૈન જીવનશાસ્ત્ર **ષડ્‌દર્શન સમુચ્ચય**માં કહ્યું છે કે—

બકુલ, અશોક, ચંપક આદિ અનેક વનસ્પતિના આવા શરીરો જીવ વ્યાપાર વિના મનુષ્ય શરીરના જેવા ધર્મવાળા હોઈ શકે નહીં. કેમકે કેતકી વૃક્ષનું બાળ થવું, યુવા થવું અને વૃદ્ધ થવું તેવો અનુભવ થાય છે.

શમી, અગસ્ત્ય, આમલકી, આદિ અનેક વૃક્ષોને નિદ્રા અને પ્રબોધ હોય છે. મૂળમાં દાટેલા દ્રવ્ય રાશિને કોઈ વૃક્ષ પોતાના મૂળીઆથી વીંટી લે છે. અશોક તરુને નુપૂર ધારણ કરેલી સુકુમાર કામિનીના ચરણનો પ્રહાર થતાં પલ્લવ કુસુમાદિ આવે છે. બકુલને સુગંધી દારૂનો કોગળો રેડવાથી તેમ થાય છે. પોયણી ચંદ્રોદયમાં પ્રફુલ્લ થાય છે—વગેરે વનસ્પતિશાસ્ત્રની જુદા જુદા સ્વરૂપો અને અસરો જૈન દર્શને હજારો વર્ષો પહેલાં સ્વીકારેલ છે; તે સુવિખ્યાત **ડૉક્ટર જગદીશચંદ્ર બોઝે** વનસ્પતિના છોડો ઉપર પ્રયોગો કરી પુરવાર કરી આપ્યું છે અને વનસ્પતિના છોડોની ક્રોધ, લોભ, રીસ વગેરે સંજ્ઞાઓ સિદ્ધ કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અણખેડાયલી પૃથ્વીમાં પણ જૈન દર્શન જીવો માને છે. પાણીમાં પણ જીવો છે તેમ હજારો વર્ષોથી તે માનતું આવેલું છે. આ રીતે વર્તમાન યાંત્રિક શાસ્ત્રો( Mechanic science )એ જૈન દર્શનના તત્ત્વોને મજબૂત સમર્થન આપ્યું છે.

ખાસ કરીને જે છ લેશ્યાઓ જૈન દર્શનના શાસ્ત્રોમાં નિવેદન કરેલી છે તે કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ અને શુકલ-અનુક્રમે છે. જીવાત્માના આ માનસિક પરિણામ ઉત્તરોત્તર ઉજ્જ્વલતા રૂપે જૈનાગમમાં સ્વીકારાયેલા છે. અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રીએ યાંત્રિક પ્રયોગો દ્વારા પુરવાર કર્યું છે કે માનસિક પરિણામોના વિચારોમાં રંગ છે અને તેમાં વધારે દુષ્ટ વિચારો કૃષ્ણ રંગના હોય છે, તેથી ઓછા નીલ વર્ણના અને સૌથી સુંદર વિચારો શુકલ સફેદ રંગના હોય છે- આ રીતે જૈન દર્શનના પ્રણેતાનું વિશેષ જ્ઞાન પ્રતીત થાય છે.

**લોકમાન્ય તિલકે** ગીતા રહસ્યમાં જે ઉચ્ચ કર્મયોગ સિદ્ધ કર્યો છે તે કર્મયોગ જૈન દર્શનનો મુખ્ય આત્મા છે લોકમાન્યના અર્થમાં જ કર્મયોગનો અર્થ લઇએ તો તે પુરુષાર્થ છે. આખા જૈન દર્શનનો સાર કર્મવાદી થવાનો નહિ, કિંતુ આત્માને કોઈની પણ સહાય વગર એકલાં જ, જૈન દર્શનમાં જીવનમુક્ત અવસ્થા જેને કહેવામાં આવે છે તેમાં આત્માઓ કૈવલ્ય પ્રાપ્ત કરે છે. તેઓ આયુષ્ય પુરૂં થતાં સુધી દેહમાં રહે છે; પરંતુ વાસ્તવિક રીતે દેહાતીત અવસ્થાવાળાં હોય છે. સંપૂર્ણ જ્ઞાનવડે જગતના સર્વ ભાવો જાણે છે અને જુવે છે. વેદાન્તની જીવન્મુકત અવસ્થા અને જૈન દર્શનની જીવન્મુકત દશા જો કે મોટા ફેરફારવાળી છે છતાં દેહાતીત અને ઇંદ્રિયાતીતપણામાં એકતા દૃષ્ટિગોચર થાય છે. વેદોમાં પરમાત્માને વ્યકિત તરીકે સર્વ વ્યાપક માનેલા છે, ત્યારે જૈન દર્શનમાં કેવળજ્ઞાનના ઉપયોગ રૂપે સર્વ વ્યાપક માનેલા છે. જીવન-મૃત્યુના સવાલો જૈન-દર્શને ઘણા જ સુંદર સ્વરૂપમાં ઉકેલ્યા છે. ભગવદ્‌ગીતાના કથનાનુસાર મૃત્યુ એ પ્રાણીઓના જુના વસ્ત્રો બદલવા અને જન્મ એ નવા વસ્ત્રો ધારણ કરવા તુલ્ય છે. તદનુસાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન દર્શન પણ આત્માને અમર માને છે અને જીવન અને મૃત્યુને તેના પર્યાયો માને છે. વાસ્તવિક જીવન જૈન દર્શન તેને માને છે કે જે જ્ઞાનદર્શન અને સદાચરણમાં જીવતો હોય; બાકીનું જીવન શરીરના પલટા રૂપ છે, પરંતુ આત્માના પલટા રૂપ નથી. મૃત્યુનો વિનાશ કરી અખંડાનંદને પ્રાપ્ત કરનાર આત્માઓ પુનઃ અવતાર લેતા નથી. કેમકે કર્મબીજનો તેમણે નાશ કરેલો હોવાથી સંસારમાં જન્મ લેવા રૂપ વૃક્ષ ક્યાંથી સંભવે ? तदात्मानं सृजाम्यहं–એ ગીતા વાક્યથી જૈન દર્શન એક દૃષ્ટિએ જેમ જુદું પડે છે, તેમ બીજી દૃષ્ટિએ તીર્થંકરોના અવતાર એ પણ જનતામાં જ્યારે જ્યારે અનાચારોની વિપુલતા વધી હોય છે, ત્યારે ત્યારે થાય છે; પરંતુ **મુક્તાત્મા ફરીથી સંસારમાં જન્મ લેતા નથી, તેમ જૈન દર્શન ભાર મુકીને કહે છે.** સુખ અને દુઃખને જૈન દર્શને કર્મના અણુઓ કલ્પેલા છે એ અણુઓ સદ્દ્જ્ઞાનવડે આત્મા ઉપર અસર કરી શકતા નથી. જેમ જેમ આત્મબળ વધતું જાય છે, તેમ તેમ વેદનીય કર્મની પરિસ્થિતિ આત્મા ઉપર અસર કરી શકતી નથી.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરૂષાર્થો પરસ્પર બાધક ન આવે તેવી રીતે પરિપૂર્ણ કરવાના છે અને એ રીતે આત્માને સ્વાવલંબી બનાવી જૈન પરિભાષામાં–કર્મોનો ક્ષય કરી સ્વતંત્રતા–મુક્તિ મેળવવાની છે. લોકમાન્યનો કર્મયોગ એ જૈન પરિભાષામાં પુરુષાર્થ છે, જ્યારે જૈન પરિભાષામાં કર્મવાદ એ પુરૂષાર્થથી થાકેલાનો આશ્રય છે.

જૈનોનો ક્રિયાકાંડ અર્થ અને રહસ્યથી ભરપૂર છે. સામાયિક એ (નિત્ય ક્રિયા) રોજની ક્રિયા, જેનો અર્થ આત્માને સમતાગુણમાં દાખલ કરવો. પ્રતિક્રમણ એ રોજની ક્રિયા જેનો અર્થ દરરોજ થયેલાં પાપને તપાસી તેથી પાછા હઠવું, તેનો પશ્ચાત્તાપ કરી પુનઃ પાપ ન બંધાય તે માટે સાવધાન થવું. પરંતુ આ સર્વ રોજના ક્રિયાકાંડો ફોનોગ્રાફની રેકર્ડની માફક થતા જાય છે અને ક્રિયાના અર્થ અને રહસ્ય તરફ બેદરકાર બની જવાથી, ક્રિયા શરીર આત્માનું ખોખું બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જૈન દર્શનનું અધઃપતન સૂચવે છે મુહપત્તી પડિલેહતાં બોલવાના બોલો અને તે ઉપર થતી વિચારણા લગભગ જૈન ક્રિયાકાંડમાંથી ભૂલી જવામાં આવી છે. આ રીતે અર્થશૂન્ય ક્રિયાઓ જૈનાત્માઓને ઉન્નતિમાં શી રીતે લાવી શકે! પાપ અને પુણ્યનું દૈનિક સરવૈયું કાઢવાનું જૈન ક્રિયાકાંડનું સખ્ત ફરમાન છે. ગૃહસ્થનાં બાર વ્રતો જો બરાબર પાલન કરવામાં આવે તો મુંબઇની હાઇકોર્ટના જજ્જોના પ્રમાણિક-પણા કરતાં તે ગૃહસ્થનું પ્રમાણિકપણું વધારે પ્રતિષ્ઠાપાત્ર હોય છે. એ બાર વ્રતોની પ્રતિજ્ઞાઓની વિશાલ હકીકત જાણવાથી સ્પષ્ટ થઈ શકે તેમ છે.

જૈનો સોળ સંસ્કારોને માન્ય કરે છે અને તેમના પ્રાચીન કલ્પ-સૂત્રમાં જ **મહાવીર પ્રભુ**ના જન્મ પછી ચંદ્રદર્શન, સૂર્યદર્શન વગેરે (સંસ્કારો) સંસ્કરણોનો ઉલ્લેખ છે. કર્મનું સ્વરૂપ એટલું બધું સૂક્ષ્મ છે કે અન્ય દર્શનમાં તેવી કશી હકીકત મળી શકતી નથી. જૈનો આત્મા અને કર્મનો સંબંધ એવો માને છે કે જેમ શરીરમાં ભોજન ભિન્ન ભિન્ન રસોથી પરિણામ પામે છે તેમ કર્મનો ભોગવટો પણ જુદા જુદા સ્વરૂપમાં આત્માને થાય છે, અને તે કર્મ ભોગવાયા પછી જુદા પડતાં નવાં નવાં કર્મ પરમાણુઓનું બંધન આત્મા કર્યે જતો હોવાથી જન્મ મરણથી મુક્ત થઈ શકતો નથી. કર્મોના મુખ્ય આઠ પ્રકાર (ભેદ) જૈન દર્શન માને છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મથી આત્માના જ્ઞાન અને દર્શનરૂપ ગુણનો ઘાત થાય છે. જેમ મદિરાથી આત્માની બુદ્ધિ કુંઠિત થાય છે તેમ મોહનીય કર્મથી મોહ અને કષાયોની ઉત્પત્તિ થાય છે. વેદનીય કર્મથી સુખ દુઃખનો અનુભવ થાય છે. આયુકર્મથી જીવને વર્તમાન જન્મમાં નિયમિત વખત સુધી રોકાવું પડે છે, નામકર્મથી વર્તમાન શરીર વગેરેની આકૃતિઓની રચના થાય છે. ગોત્ર કર્મથી ઉચ્ચ નીચ કુળમાં જન્મ થાય છે, અને અંતરાય કર્મથી સુખભોગ તથા શક્તિનો ઉપયોગ થઇ શકતો નથી-તે તે કર્મોના બંધનોનો મનુષ્યના વિચારો ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધાર છે, અને તે મુજબ તેના રસબંધ અને સ્થિતિબંધ થાય છે. ભાવકર્મ તે આત્માના પરિણામ અને દ્રવ્યકર્મ તે કર્મના પરમાણુઓ–એ ઉભયના સમાગમથી જૈન દર્શનનો કર્મવાદ પ્રવર્તે છે. નાટ્યશાસ્ત્રમાં જૈનાચાર્યોએ प्रबुद्धरौहिणेयम्, कौमुदी मित्राणंदम्–વગેરે નાટકો બનાવેલાં છે, પરંતુ તે મુખ્યત્વે કરીને આત્મા અને કર્મની ફીલસુફીથી ભરેલા છે. પાત્રો પણ તેવાં જ કલ્પેલાં છે. **સિદ્ધર્ષિ ગણી** જેવા સમર્થ વિદ્વાને તો **ઉપમિતિ ભવપ્રપંચા કથા**નો સોળ હજાર શ્લોકનો ગ્રંથ બનાવી કાદમ્બરીની જોડમાં બેસવાનો પ્રસંગ સાધ્યો છે એટલું જ નહીં, પરંતુ ભવાટવી ઉલ્લંઘન કરવાને પાત્રો એવા સુંદર અને વિશાળતાવાળા કલ્પ્યા છે, અને તે દ્વારા આધ્યાત્મિક સામગ્રી એવા ઉચ્ચ સ્વરૂપમાં રજુ કરી છે કે જૈન દર્શન તે માટે ગૌરવાન્વિત છે.

**પ્રાચીન લેખ સંગ્રહ**ના જે બે ભાગો હમણાં બહાર પડ્યા છે તેમાં જૈનોના પુષ્કળ પ્રાચીન શિલાલેખો દૃષ્ટિગોચર થાય છે. ભૂતકાળના પ્રાચીન અવશેષો તરફ દૃષ્ટિ કરતાં જૈન રાજા ખારવેલની ગુફાઓ, આબુગિરિ ઉપરનું પાશ્ચાત્ય સંશોધકોને પણ અજાયબી પમાડે તેવું કોતર કામ, શત્રુંજય ઉપર પર્વતમાંથી કોતરેલી અદ્‌ભુતજીની પ્રતિમા વગેરે–જૈનોનું સ્થાપત્ય અને શિલ્પકળા સંબંધમાં ઉચ્ચતા હોવાના અવશેષો રજુ કરે છે. જો કે વર્તમાન જૈન જીવન તે સંબંધમાં તદ્દન બેદરકાર છે, અને કળાવિહીનતા ઉભી થતાં શિલ્પની પ્રાચીનતા તરફના લક્ષથી પણ દૂર છે. **સ્યાદ્વાદ** એ જૈન દર્શનનું મુખ્ય અંગ છે. સ્યાદ્વાદ એટલે વારંવાર જુદું જુદું એક જ બાબતમાં બોલવું એમ નહીં. તેમ જ કેટલાક અણસમજથી અર્થ કરે છે તેમ દૂધ અને દહીં બંનેમાં પગ રાખવો તેમ પણ નહિ, પરંતુ વસ્તુમાત્રને જુદા જુદા દૃષ્ટિબિંદુથી તપાસવું–એ તેનો અર્થ છે. વસ્તુના એક જ દ્રષ્ટિબિંદુનું કોઈ પણ વિવેચન કરે તો બીજી દૃષ્ટિ પણ સાથે તપાસો–એમ જૈન દર્શન કહે છે. ટૂંકામાં **વાદી પ્રતિવાદી બંનેની જુબાની લેવી એ કોર્ટની પરિભાષામાં સ્યાદ્વાદનો અર્થ સમાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જૈન દર્શનથી રહિત ચક્રવર્તિપણું મારે જોઈતું નથી, પરંતુ જૈન ધર્મની વાસનાથી વાસિત થયા પછી ભલે દાસત્વ અથવા નિર્ધનપણું પ્રાપ્ત થાય તો પણ મને તેમાં ઉત્કૃષ્ટ આનંદ છે."

जिनधर्मविमुक्तोऽपि माऽभूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ॥

જે ચાર પાયા ઉપર જૈન દર્શન સ્થિર થયેલું છે તે દાન, શીલ, તપ અને ભાવ છે. દ્રવ્યનો શુભ કાર્યમાં ઉપયોગ એ દાનદૃષ્ટિ, વિશુદ્ધ આચાર તે શીલદૃષ્ટિ, વિલાસીપણા ઉપર સંયમ એ તપદૃષ્ટિ, અને એ સર્વમાં શુભ અને શુદ્ધ વિચારોપૂર્વક પ્રવર્તમાન થવું એ ભાવદૃષ્ટિ-સંક્ષિપ્તમાં છે. આ સિવાય ધ્યાન અને યોગ તથા મન, વચન અને શરીરના શુભ વ્યાપારો એ સંબંધમાં વિશાળ દૃષ્ટિબિંદુથી જૈન દર્શન સમર્થન આપતું રહ્યું છે.

**અદ્વૈતવાદ**ની દૃષ્ટિએ જૈન દર્શન જીવાત્માને એક માને છે, તેમ જ **દ્વૈતવાદ**ની દૃષ્ટિએ જીવાત્માને અનેક પણ માને છે. સર્વ જીવોના પ્રદેશો સરખા હોઈ, સર્વ જીવોમાં મુક્તિ પામવાની શક્તિ રહેલી છે તે અપેક્ષાએ એક માને છે, અને વ્યક્તિ પરત્વે જુદા જુદા હોય તે દૃષ્ટિએ અનેક પણ માને છે. આ રીતે જીવાત્મા પરમાત્મા થતાં એક અને અનેક જુદી જુદી દૃષ્ટિએ–અપેક્ષાએ મનાય છે સાત નયો અને સપ્ત ભંગીઓનું સ્વરૂપ આ રીતે સ્યાદ્વાદના પાયા ઉપર રચાયેલું છે.

**વેદાન્ત** પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણનું સ્વરૂપ અંગીકાર કરે છે, તેને મુકાબલે જૈન દર્શન કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ એ પાંચ કારણો પ્રત્યેક પદાર્થોની ઉત્પત્તિમાં માને છે અને ઘટાવે છે, પરંતુ તેમાં ઉદ્યમને મોખરે મુકે છે. બળવાન આત્મા ઉદ્યમને અંગીકાર કરી બીજા કારણોના બળને શિથિલ કરતો જાય છે અને આત્મબળવડે ઉદ્યમનું સામ્રાજ્ય થતાં, કર્મોના બંધનોનો વિનાશ કરી પૂર્ણ સ્વતંત્ર–મુક્ત બને છે. જૈનોની તીર્થભૂમિઓ ખાસ કરીને મહાત્માઓના પાદરેણુના સ્પર્શથી પવિત્ર થએલી હોય છે; તેમાં શત્રુંજય, આબુજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારંગાજી, ગિરનાર, સમેતશિખરજી, પાવાપુરી વગેરે મુખ્ય છે. આ સ્થાનો પવિત્ર હોઇને પ્રાણીઓના દુષ્ટ વાતાવરણને નિર્મળ કરી આત્માઓને ઉન્નતિક્રમમાં મૂકે છે. આ રીતે સ્થાનની પ્રધાનતા પણ જૈન દર્શન ઘણા અંશોમાં સ્વીકારે છે અને તેમ હોઇ મનુષ્ય પ્રાણીના વ્યવહારપલટામાં તેમ જ આધ્યાત્મિક ક્રમવિકાસમાં સુંદર વાતાવરણ અર્પે છે—એમ જૈનો માને છે. નિશ્ચય અને વ્યવહાર જૈન દર્શનમાં એ મુખ્ય સૂત્રો છે. નિશ્ચય એ આદર્શ છે અને તેને પહોંચી વળવા માટેની ક્રિયા તે વ્યવહાર છે. તે ક્રિયા નિશ્ચય આદર્શને અનુકૂળ હોવી જોઇએ. આમાં વ્યવહારમાં लोग विरुद्धच्चाओ—એ વાકયવડે લોકપ્રિયતા તપાસવાની પણ દૃષ્ટિ છે, પરંતુ જ્યાં જ્યાં આત્મધર્મને ક્ષતિ પહોંચતી હોય ત્યાં લોકવ્યવહારથી અલગ વર્તવાનું પણ **જ્ઞાનસાર અષ્ટક**માં ફરમાન છે.

જૈનોનો આદર્શ સંપૂર્ણ અહિંસા અને સંપૂર્ણ સત્યનો છે, પરંતુ વ્યવહારમાં તો આદર્શનું સંપૂર્ણ પાલન અશકય હોવાથી અમુક મર્યાદાશીલ છૂટછાટ સાથે **प्रियं पथ्यं वचस्तथ्यं वचः सत्यमुदीरितं** —એ શબ્દોવડે સત્યની મર્યાદા મુકરર કરેલી છે.

જૈન દર્શનના આચાર્ય શ્રીમદ્ **હરિભદ્રસૂરિજી** તથા **શ્રી આનંદઘનજી** વગેરેએ જૈન દર્શન કેટલું વિશાળ હૃદયવાળું છે તેમ જ મતસહિષ્ણુતાથી સુરંગિત છે, તે સારી રીતે પુરવાર કરી બતાવ્યું છે. **राम कहो रहेमान कहो, कहान कहो, महादेवरी, पारसनाथ कहो, कोउ ब्रह्मा सकल ब्रह्म स्वयमेवरी**—આ શબ્દો જૈન દર્શનનું પરમાત્મા તરફની માન્યતાનું કેટલું વિશાળપણું સૂચવે છે? વળી—ષડ્દર્શન જિન અંગ ભણીજે, ન્યાય ષડંગ જો સાધે રે, નમિ જિનવરના ચરણ ઉપાસક ષડ્દર્શન આરાધે રે—એ પણ તેવી જ ઉદારતાથી સૂચવ્યું છે. અને ષડ્દર્શનને સ્યાદ્‌વાદ દૃષ્ટિથી સમજાવતાં કહ્યું છે કે— **સાંખ્ય અને યોગદર્શન—એ જિનેશ્વર રૂપ પુરુષના બે પગ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંખ્ય દર્શનમાં અનેક આત્માઓ પ્રત્યેક શરીરે ભિન્ન ભિન્ન માનેલા છે. તેમનાં મૂળ તત્ત્વો (૨૫) છે. તેમાં (૫) જ્ઞાનેંદ્રિય, (૫) કર્મેંદ્રિય, (૫) ભૂત, (૬) તન્માત્ર, તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર–આ ચોવીશ તત્ત્વોથી ભિન્ન એવો આત્મા, અકર્તા તથા અભોક્તા માનેલો છે. પ્રકૃતિના વિકારરૂપ જગત છે. આ પ્રમાણે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્મા ક્લેશથી મુક્ત થાય છે. જગતનો કર્તા કોઇ નથી, આત્માને કર્મબંધ થતો નથી એમ કહેલું છે. જૈન દર્શનમાં નિશ્ચયનયની દૃષ્ટિએ આત્માને કર્મબંધ માનેલો નથી. આ રીતે જ્યાં જ્યાં આત્માની સત્તાનું વર્ણન આવે છે ત્યાં ત્યાં સાંખ્ય દર્શનના વિચારો જૈન દર્શનને મળતા છે. યોગ અથવા નૈયાયિક દર્શનવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન–એમ નવ તત્ત્વોને માને છે. ઇશ્વરને જગતકર્તા માને છે તેમ જ સ્વાભાવિક વિચારદ્વારા મનને શાંત કરી આત્મા ક્લેશ કર્માદિથી છુટો થઇ શકે છે–વગેરે માને છે. જૈન દર્શનના વ્યવહારનયની માન્યતાને આ હકીકત અનુકૂળ હોવાથી સાંખ્ય તથા યોગ દર્શનોને **જિનેશ્વરરૂપ પુરુષના પગરૂપ અવયવો** કલ્પ્યા છે. **બૌદ્ધ દર્શન તથા મીમાંસક દર્શનને** જિનેશ્વરના **બે હાથ** કલ્પ્યા છે. બૌદ્ધમતમાં આત્માને ક્ષણિક માનેલો છે, જૈન દર્શને પર્યાયરૂપે આત્માને અનિત્ય માન્યો છે. એટલે કે પર્યાયાસ્તિક નયની અપેક્ષા ગ્રહણ કરીને પર્યાયનો ફેરફાર મૂળના ફેરફારરૂપે બૌદ્ધ દર્શને માન્યો છે. આ રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાથી બૌદ્ધ દર્શન જૈન દર્શનને મળતું આવે છે.

**મીમાંસકો** આથી વિપરીત અર્થમાં એક જ આત્મા માને છે. તેમ જ વિશિષ્ટાદ્વૈત જે તેમનો એક વિભાગ છે, તે પણ આત્મા એક છે, સર્વગત છે, નિત્ય છે, અબંધ છે–એમ માને છે. હવે જૈન દર્શન માને છે કે નિશ્ચય નયે આત્માનો બંધ થતો નથી. સર્વ આત્માની સત્તા એકસરખી હોવાથી એક જ છે. આ રીતે વ્યવહાર નયાપેક્ષક, બૌદ્ધ દર્શનની અને નિશ્ચય નયાપેક્ષક મીમાંસક દર્શનની માન્યતાઓ હોઈ–**જિનેશ્વરરૂપ પુરુષના તે બે હાથો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નાસ્તિક દર્શન** પણ **જિનેશ્વરરૂપ પુરુષનું ઉદર** છે તેમ કહ્યું છે. મૂળથી મનુષ્યના વિચારો નાસ્તિક હોય છે. પેટ ખાલી હોવાથી શૂન્યતાનું સ્થાન છે. શૂન્યમાંથી તમામ વિચારો ઉત્પન્ન થઈ પછી આસ્તિકતા પ્રગટે છે. એકડો પણ શૂન્યમાંથી ઉત્પન્ન થાય છે.

**જૈન દર્શનને મસ્તકની ઉપમા** એટલા માટે આપવામાં આવી છે કે તમામ દર્શનોને સ્યાદ્વાદના દૃષ્ટિબિન્દુથી જુદી જુદી રીતે તે સમાવી શકે છે, જે માટે ઉત્તમ હોઈ મસ્તકપણાને યોગ્ય છે. ખુદ **મહાવીર** પરમાત્માએ તેમના મુખ્ય શિષ્ય **ગૌતમસ્વામી** જેઓ બ્રાહ્મણ હતા, તેમને વેદની ઋચાઓ દ્વારા જ અર્થનું સમર્થન કરી સ્યાદ્વાદમય દલીલોથી તેમના સંશયોનું નિરાકરણ કર્યું હતું–એથી જૈન દર્શનના અધિષ્ટાતાની વિશાળતા સંપૂર્ણપણે પ્રતીત થતી જોવાઈ છે. આ રીતે જૈનદર્શનને તુલનાત્મક દૃષ્ટિએ તપાસવામાં આવ્યું છે. અનેક દર્શનોથી ધક્કા ધુંબા ખાતા છતાં પણ આજ સુધી અખંડ ધારાએ ચાલ્યું આવ્યું છે. દરેક વખતે જૈન દર્શનના સમર્થ વિદ્વાનો વિચરતા હોવાથી તેનું ગૌરવ ન્યૂનાધિક પ્રકારે જળવાતું આવ્યું છે. શ્રી **મહાવીર પ્રભુ**ના નિર્વાણ પછી અનેક સમર્થ અને પારંગત વિદ્વાનો થયા છે. જંબૂસ્વામી, પ્રભવસ્વામી, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ અને સ્થૂલીભદ્ર તેમ જ જૈન શાસ્ત્રને પુસ્તકારૂઢ કરનાર દેવર્ધિગણી ક્ષમાશ્રમણ અને તે પછીના કાળમાં માનતુંગાચાર્ય, હરિભદ્રસૂરિ, શાન્તિસૂરિ, હેમચંદ્રાચાર્ય, ધર્મઘોષસૂરિ, હીરવિજયસૂરિ, યશોવિજય ઉપાધ્યાય, વિનયવિજય ઉપાધ્યાય અને છેક હમણાના કાળમાં થઈ ગયેલા વિજયાનંદસૂરિ જેવા અનેક ઉજ્જવળ કીર્તિવંત પુરુષવર્યોના પ્રભાવથી સર્વગ્રાહી (Universal) જૈન દર્શનનું નિર્મળ ઝરણું સતત વહેતું રહ્યું છે. જૈન દર્શનમાં તત્ત્વજ્ઞાન અને ક્રિયાકાંડોની પુષ્કળ સમૃદ્ધિ છે, પરંતુ તેને વ્યવસ્થિત સ્વરૂપમાં મુકનારની ખામી સંપૂર્ણ રીતે દૃષ્ટિગોચર થાય છે. જેમ જેમ જુદા જુદા પ્રકારના ઉંચા ધાન્યો અને શાકો રસોઈ કરનારની અવ્યવસ્થાને અંગે રસાસ્વાદ આપી શકતા નથી, તેમ ઉચ્ચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાંત રત્નો વ્યવસ્થા વગરના થવાથી ક્રિયાકાંડના ખોખામાં પર્યવસાન પામે છે અને રહસ્ય વગરનું જૈનજીવનશરીર ફીક્કું પડતું જાય છે. વર્તમાનકાળે વિદ્યમાન જૈન સાક્ષરો જૈનેતર સાક્ષરોની સહાય લઈ બાળોપયોગી વાંચનમાળાઓ વ્યવસ્થિત રૂપમાં જલ્દી તૈયાર કરે, તેમ જ યુવક વર્ગના સફળ અભ્યાસ માટે વ્યવસ્થિત સ્વરૂપમાં તત્ત્વજ્ઞાન અને ક્રિયાકાંડની સીરીઝ તૈયાર કરવામાં આવે. પ્રત્યેક ક્રિયાઓ રસપૂર્વક કેમ સમજી શકાય અને જીવનમાં ઉતારાય-તેવી દૃષ્ટિ પુસ્તકના અંગમાં વ્યાપક બને, જેથી ભવિષ્યની જૈન પ્રજા ક્રિયાકાંડ અને તત્ત્વજ્ઞાનના વ્યવસ્થિત સ્વરૂપમાં તૈયાર થાય અને જૈન જીવનવૃક્ષ નવપલ્લવિત થઈ શકે. આ રીતે તત્ત્વજ્ઞાન અને ક્રિયાત્મક જૈન સાહિત્ય વ્યવસ્થિત આકારમાં મુકવાને માટે હજી પણ પ્રમાદ રાખવામાં આવશે તો જૈન જીવનનો ઝરો સુકાઈ જવાનો મહાદોષ વર્તમાન વિદ્વાન જૈન મુનિઓ અને જૈન સાક્ષરો ભવિષ્યકાળને માટે વહોરી લેશે એ નિર્વિવાદ સત્ય છે.

આ. પ્ર. વિ. સં. ૧૯૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org